## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ જો... સરકારે લગ્નમાં ગોળીબાર પર પ્રતિબંધ કર્યો છે... પણ અઢી લાખ રૂપિયામાં વરરાજાને જાન લઈને કાઢવો હોય તો પણ નીકળે એમ નથી... ગોળી ક્યાંથી ફોડે ???

# પગાર દિવસે બેંકોમાં "કહીં ખુશી કહીં ગમ"

## શહેરની બેંકોમાં પેન્શનરો-પગારદારોની લાઈનો : મોટાભાગની બેંકોમાં રૂ. ૫ હજાર કે રૂ. ૧૦ હજાર જ ચુકવાયા : પોસ્ટ ઓફિસમાં અપેક્ષા કરતા ઓછી લાઈન : જુજ બેંકોએ નિયત મર્યાદા મુજબ નાણાં ચુકવ્યાં

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર એક કર્મચારી નગર છે, આજે મહિનાની પહેલી તારીખ પગાર દિવસ હોવાથી શહેરની બેંકોમાં કર્મચારીઓ તથા પેન્શનરોએ તેમનો પગાર અથવા પેન્શન ઉપાડવા ભીડ જમાવી હતી. નોટબંધીના કારણે બેંકોએ આરબીઆઈની ગાઈડલાઈન અનુસાર નાણાનો ઉપાડ કરવા દેવાશે તેવી ખાત્રી આપી હતી પરંતુ બેંકો પાસે પુરતી કેશના અભાવે પગારદારો તથા પેન્શનરોને રૂ. ૫ હજાર કે રૂ. ૧૦ હજાર સુધીની રકમ જ ઉપાડવા દેવાઈ હતી. જો કે કેટલીક બેંકોએ રૂ. ૨૪ હજારની નિયત મર્યાદા સુધી નાણાં ઉપાડવા દીધા હતા. આ કારણે શહેરમાં પગાર દિવસે "કહી ખુશી કહી ગમ"નો માહોલ જોવા મળ્યો હતો.

આજે વહેલી સવારથી બેંકોમાં નિવૃત્ત કર્મચારીઓએ દર માસની પહેલી તારીખની જેમ જ પેન્શનની રકમ ઉપાડવા લાઈનો લગાવી હતી. જો કે નોટબંધીના કારણે અપેક્ષિત રકમ ઉપાડવા નહી મળે તેવી ધારણાના પગલે અપેક્ષા કરતા ઓછી ભીડ જોવા મળી હતી. આજે શહેરની પોસ્ટ ઓફિસો ખાતે પણ દર માસની પહેલી તારીખના સાપેક્ષમાં નોટબંધીનો માહોલ હોવા છતાં સિનિયર સિટીઝન્સની હાજરી વધુ રહેશે તેવી ધારણા ખોટી જણાઈ હતી. શહેરની કેટલીક બેંકોમાં કેશ લિક્વીડીટી ઓછી હોવાના કારણે રોકડ ઉપાડની મર્યાદા પ્રતિ સપ્તાહ રૂ. ૨૪ હજાર હોવા છતાં માત્ર રૂ. ૫ હજાર કે રૂ. ૧૦ હજારનો જ ઉપાડ કરવા દેવાયો હતો. આ સાથે કેટલીક બેંકો એવી પણ હતી જેમાં રૂ. ૨૪ હજાર સુધીની પુરી રકમ ઉપાડવા દેવાતી હતી. જેથી આ બેંકોમાં પોતાનું સેલેરી એકાઉન્ટ કે પેન્શન એકાઉન્ટ ધરાવતા ખાતેદારોને રાહતની લાગણી અનુભવાઈ હતી. કેટલાક કિસ્સામાં પગારદારોએ તથા પેન્શનરોએ અગાઉથી જ ખાતામાં ઉપાડ કરી લીધો હોવાને કારણે આજે ઉપાડની જરૂર પડી નહોતી જેના કારણે બેંકોમાં લાઈનો અપેક્ષા કરતા ઓછી જોવા મળી હતી.

નોટબંધીના પગલે સરકારી કર્મચારીઓ ઉપરાંત ખાનગી એકમોના કર્મચારીઓ પણ પ્રભાવિત થયાં છે. શહેરની જીઆઈડીસી તથા કોમર્શિયલ એકમોમાં જ્યાં પહેલા રોકડમાં પગાર કરાતા હતા ત્યાં આજથી ચેકથી પગાર ચુકવવાની પ્રથાનો પ્રારંભ થયેલો જોવા મળ્યો હતો. જોકે પહેલીવાર ચેકથી પગાર મળવાને કારણે કર્મચારીઓએ હવે તેને પોતાના બેંક ખાતમાં જમા કરાવી ક્લીયરીંગ થાય પછી બેંક નાણાં ઉપાડવા દે ત્યાં સુધી રાહ જોવાની સ્થિતિ સર્જાઈ હોવાથી આ કર્મચારીઓમાં નિરાશાની લાગણી જન્મી હતી. વળી, બેંકોમાં પણ હજુ લાંબી લાઈનો તથા ઓછી 'કેશ'નું પેમેન્ટની સ્થિતિ હોવાથી શહેરમાં અસંતોષનો માહોલ જળવાયો છે. જેના કારણે કેટલીક બેંકોમાં કેશિયર, બેંક મેનેજર કે અન્ય બેંક કર્મીઓ સાથે નાણાં ઉપાડવા આવેલા પગારદારો કે પેન્શનરોને બોલાચાલીના બનાવો સર્જાયા હતા.






"અમારી બેંકમાં પુરતી કેશની સગવડ હોવાથી અમે તો રીઝર્વબેંકની નિયત મર્યાદા મુજબ સપ્તાહના રૂ. ૨૪ હજાર મુજબ નાણાનું ચુકવણું ચાલુ રાખ્યું છે. આ સાથે કરંટ એકાઉન્ટની રૂ. ૫૦ હજારની મર્યાદા મુજબ પણ પેમેન્ટ ચુકવીએ છીએ. જ્યારથી નોટબંધી અમલમાં આવી છે ત્યારથી અત્યાર સુધીમાં માત્ર એક જ દિવસે અમોને કેશની તંગી હોવાથી નિયત મર્યાદા કરતા ઓછા નાણાં ચુકવ્યા હતા પરંતુ હવે એ બાબતે હાલ કોઈ સમસ્યા નથી. નોટબંધીના પગલે અમારી બેંકમાં નવા ખાતા પણ સારી સંખ્યામાં ખુલવા પામ્યા છે."

-પી.કે. શિશિર

ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા, વિધાનસભા શાખા

"આજે પગાર દિવસ હોવાથી બેંકમાં નાણાં ઉપાડવા અંગે થોડો ધસારો વધુ રહેવા પામ્યો છે, બેંકમાં રીઝર્વબેંકમાંથી પુરી પાડવામાં આવેલ કેશ જરૂરિયાત કરતા ઓછી હોવાથી અમે દરેક પગારદાર કે પેન્શનરને નાણાં મળે તે માટે ના છુટકે રૂ. ૧૦ હજાર જ ઉપાડવાની છુટ આપી છે. જ્યારે નવી કેશ અમારી પાસે આવશે તુરંત જ અમે નિયત મર્યાદા મુજબ બાકીના પેમેન્ટનું પણ ચુકવણુ કરીશુ. આજે પગાર તથા પેન્શનની તારીખને અનુલક્ષીને અમે બેંકમાં "સિનિયર સિટીઝન્સ" માટે સ્પેશ્યિલ કાઉન્ટરની વ્યવસ્થા કરી છે. જ્યાં ટોકન નંબર ઝડપી આવે અને તેમને વધુ સમય રાહ ના જોવી પડે તેવી ખાસ તકેદારી પણ અમે લઈ રહ્યા છીએ."



- રાજેશ કુમાર, ડેપ્યુટી મેનેજર, એસબીઆઈ, ઉદ્યોગભવન શાખા

"નોટબંધીને પગલે ભારે અગવડતાનો સામનો કરવો પડે છે. પેન્શન જમા થયા બાદ પણ જોઈએ તેટલી માત્રામાં ઉપાડ કરી શકતા નથી. આજે રૂપિયા ઉપાડવા ગયો હતો પરંતુ જરૂરીયાત કરતા ઓછા રૂપિયા આપવાનું કહેતા પરત ફર્યો હતો. રૂપિયાની અછતને પગલે દૂધ, કરિયાણા તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓ ઉધાર લેવી પડે છે. ત્યારે નોટબંધી હળવી થાય તેની રાહ જોઈને બેઠો છું."

-પ્રતાપભાઈ

"નોટબંધી ૨૦ દિવસથી વધુ થયા છતા હળવી થઈ નથી. બેંકો પાસે લાઈનો યથાવત છે. આજે હું મારૂ પેન્શન જમા થયું છે કે કેમ તે જોવા આવ્યો હતો. ઉપાડમાં માત્ર રૂ. ૫૦૦૦ આપ્યા હતા. મારે માટે જરૂરીયાત પુરતા છે. પરંતુ કોઈ અન્યને વધુ રૂપીયાની જરૂર હોય તો તે શુ કરે. ત્યારે જરૂરીયાતને પણ વધુ રૂપીયા મળવા જોઈએ તેવી વ્યવસ્થા થવી જોઈએ. આગામી સમયમાં નોટબંધી હળવી થાય તેવી આશા રાખુ છુ.

-દલપુજી ગોહિલ

પોતાના રૂપિયા જ અત્યારે હાલ પોતાના કામમાં આવી રહ્યા નથી. તેવી સ્થિતિ ઉદ્ભવી છે. ઘરેથી રૂપિયા લેવા બેંકમાં જઈએ ત્યારે લિમીટ આવીને ઉભી રહે છે. સરકાર પૈસા ગમે તેટલા ઉપાડી શકાશે તેવુ જણાવે છે, પરંતુ હકીકતમાં બેંકો પાસે રૂપિયા નથી જેથી સામાન્ય વર્ગ ભારે મુસીબતમાં મુકાયો છે."

-દશરથભાઈ દરજી

"આજે પગાર તારીખ હોવાથી હેરાન થઈ ગયો છુ. બુટ-ચંપલની મારી દુકાનમાં કામ કરતા કર્મચારીઓને પગાર આપવાનો છે, પરંતુ બેંકમાં રૂ. ૨૪૦૦૦ને બદલે માત્ર રૂ. ૧૦,૦૦૦ આપ્યા છે. આટલા રૂપિયામાં પગાર કેવી રીતે કરવો, હવે નોટબંધી હળવી થાય તેની રાહ જોઉ છું. કંટાળી ગયો છુ, વેપારમાં પણ આ ૨૦ દિવસથી મંદી છે. ત્યારે સરકારના આ નિર્ણયથી નાના વેપારીઓનો મરો થઈ ગયો છે. જાયે તો જાયે કહા જેવો ઘાટ ઘડાયો છે."

-પ્રકાશ દવે

# આજ રાતથી પેટ્રોલપંપ-મેડિકલ સ્ટોર પર ૫૦૦ રૂપિયાની જૂની નોટ નહીં ચાલે

## કેટલાક પેટ્રોલ પંપવાળાઓ કમિશન લઈ જૂની નોટ બદલતા હોવાનું ધ્યાને આવતાં નાણા વિભાગે પેટ્રોલપંપો અને દવાની દુકાનો માટે જૂના ચલણની મર્યાદા ઘટાડી

ગાંધીનગર, તા. ૧

પેટ્રોલપંપો અને મેડિકલ સ્ટોર પર આવતીકાલે તા. ૨જી ડિસેમ્બરથી જુની ૫૦૦ની નોટ સ્વિકારવામાં આવશે નહી. ૫૦૦ની જુની નોટ હજુ સરકારી હોસ્પિટલ અને દૂધ બુથ જેવા સ્થળોએ સ્વીકારવામાં આવશે. નોટબંધી બાદ કેટલાક સ્થળોએ જુની ૫૦૦ની અને ૧૦૦૦રૂ.ની નોટ સ્વિકારવાની છુટ અપાઈ હતી. ૧૦૦૦રૂ.ની જુની નોટ ૨૪મી નવેમ્બરથી સ્વીકારવાની બંધ કરી દેવાઈ છે. પેટ્રોલપંપો, દવાની દુકાનો, હોસ્પિટલો અને દૂધ બુથ પર ૫૦૦ની જુની નોટ હજુ સ્વીકારવામાં આવે છે. અગાઉ ૨૪મી નવેમ્બર અને ૧૫મી ડિસેમ્બર સુધી ૫૦૦ની જુની નોટ ઉપરોક્ત સ્થળોએ ચાલશે તેવી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ કેટલાક પેટ્રોલ પંપવાળાઓ કમિશન લઈ જુની નોટ બદલતા હોવાનું ધ્યાને આવતા નાણા વિભાગે પેટ્રોલપંપો અને દવાની દુકાનો માટે આ મર્યાદા ઘટાડીને ૨જી ડિસેમ્બર કરી દીધી છે. હવે પુરતા પ્રમાણમાં રોકડ રકમની ઉપલબ્ધી હોવાથી ધીમે ધીમે તમામ સ્થળો માત્ર નવી જ નોટો સ્વીકારવામાં આવે તેવી સ્થિતિનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. પેટ્રોલપંપો અને મેડીકલ સ્ટોર પર ૨જી તારીખે મધરાત બાદ જુની ૫૦૦ની નોટ સ્વીકારવામાં આવશે નહી. જોકે હજુ સરકારી હોસ્પિટલો અને દૂધ બુથ પર જુની ૫૦૦ની નોટ સ્વીકારવામાં આવશે.

# કેશલેસ ઈકોનોમી ક્ષેત્રે ગુજરાતને દેશમાં નમૂનેદાર રાજ્ય બનાવાશે

## ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના વિવિધ કર્મચારી મંડળો સાથેની મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષે મળેલ બેઠકમાં વિચાર-વિમર્શ



ગાંધીનગર, તા.૧

રાજ્યના મુખ્ય સચિવ શ્રી ડૉ. જે.એન.સિંહે જણાવ્યું છે કે, વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશનું મોડલ સ્ટેટ છે, તેજ રીતે કેશલેસ ઈકોનોમી ક્ષેત્રે પણ ગુજરાત દેશમાં અગ્રીમ રાજ્ય બને તે માટે રાજ્ય સરકાર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, જેના ઘણાં સારા પરિણામો સાંપડી રહ્યા છે.

આજે ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના કર્મચારીઓના વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓ સાથે યોજાયેલ બેઠકમાં મુખ્ય સચિવશ્રીએ ઉમેર્યુ હતું કે, બેન્કોમાં પ્રજાજનોની સુવિધા જળવાઈ રહે તે હેતુથી રાજ્યના તમામ વર્ગો કેશલેસ ઈકોનોમી તરફ આગળ વધી રહ્યા છે તે આપણા માટે ગૌરવરૂપ છે. ત્યારે આપણે સૌ પણ કર્મચારીઓને તમામ સેવા માટે ક્રેડિટ/ડેબીટ કાર્ડનો ઉપયોગ કરવા અનુરોધ કરશો તો ચોક્કસ આ ક્ષેત્રે ગુજરાત અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બનશે. તેમણે ઉમેર્યુ હતું કે, વડાપ્રધાનશ્રીએ પણ ગુજરાત પ્રથમ કેશલેસ રાજ્ય બને તે માટે અનુરોધ કર્યો છે ત્યારે ગુજરાતમાં કેશલેસ ઈકોનોમીનો વ્યાપ વધે તે માટે રાજ્યભરમાં જનજાગૃતિ લાવવા માટે રાજ્ય સરકાર પ્રયત્નો કરશે અને રોજબરોજના વ્યવહારમાં નાગરીકો ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સહિત ઈ-વોલેટનો વધુને વધુ ઉપયોગ કરતા થાય તે માટે નાગરીકોને જાગૃત કરાશે. આ ઉપરાંત જે લોકો પાસે ક્રેડિટ કે ડેબિટ કાર્ડ નથી તેમને કાર્ડ મળે તે માટે સચિવાલય સહિત જિલ્લાકક્ષાએ પણ ખાસ કેમ્પોનું આયોજન કરીને ક્રેડિટ કાર્ડ પુરા પાડવાનું રાજ્ય સરકારનું આયોજન છે. ગુજરાત રાજ્ય કર્મચારી યુનાઈટેડ ફ્રન્ટના અધ્યક્ષ શ્રી ભવાનસિંહ પરમારે પોતાની પ્રતિક્રિયામાં રાજ્ય સરકાર દ્વારા કેશલેસ ઈકોનોમી માટે જે પ્રયાસો થઈ રહ્યા છે તેને સરાહનીય ગણાવીને કર્મચારીઓ પણ ક્રેડિટ/ડેબિટ કાર્ડનો વધુને વધુ ઉપયોગ કરશે તેવી કર્મચારી વતી ખાતરી આપી હતી.

આ બેઠકમાં રાજ્યના વિવિધ કર્મચારી મંડળના હોદ્દેદારોએ ઉપસ્થિત રહી જરૂરી ચર્ચા-વિચારણા કરી રાજ્ય સરકારના આ અભિયાનમાં સહભાગી બનવા તત્પરતા દર્શાવી હતી.

# પંચાયતોની ચૂંટણી માટે ૪૨ ચૂંટણી અધિકારીઓ નિમાયા

## ચૂંટણી માટે ૧૮૦૦ જેટલા પોલીસ કર્મીઓ પણ મતદાન મથકો પર ફરજ બજાવશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તીના હુકમો આજે તંત્ર દ્વારા જારી કરી દેવામાં આવ્યા છે.

૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૪૨ ચૂંટણી અધિકારીઓ અને ૪૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુંક કરી દેવામાં આવી છે.

૫મી ડિસેમ્બરથી આ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે તંત્રએ હવે તેની તૈયારીમાં ગતિ લાવી દીધી છે. તંત્રના સૂત્રો પાસેથી મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં ૧૪, ગાંધીનગરમાં ૨૦, માણસામાં ૫ અને કલોલમાં ૩ ચૂંટણી અધિકારીઓ અને આટલી જ સંખ્યામાં મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

ચૂંટણી માટે ૩ હજાર કર્મચારીઓને ફરજો સોંપવામાં આવશે. જે અંગેના હુકમો ચૂંટણી અધિકારીઓ દ્વારા કરવામાં આવશે. આ ચૂંટણી માટે ૧૮૦૦ જેટલા પોલીસ કર્મીઓ પણ મતદાન મથકો પર ફરજ બજાવશે.

૧૯૪ ગ્રામ પંચાયતો માટે જિલ્લામાં ૫૭૯ મતદાન મથકો નિયત કરી દેવામાં આવ્યા છે. જેમાં દહેગામ તાલુકામાં ૨૨૩, ગાંધીનગરમાં ૨૬૮, માણસામાં ૫૩ અને કલોલમાં ૧૬ મતદાન મથકો આવેલા છે.

જિલ્લા તંત્ર દ્વારા આજે ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરી દેવામાં આવતાં જ જિલ્લામાં હવે ધીમી ગતિએ ચૂંટણીજવર પ્રસરવા લાગ્યો છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં ગૃપ બેઠકોનો અને ખાટલા પરિષદોનો આરંભ થઈ ગયો છે.

# છાલા ગામે એઈડ્સ તથા ટીબી અંગે લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લા ક્ષય દ્વારા છાલા ખાતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગે જાગૃતિ આવે તે હેતુથી લોકજાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં બાળકોને ટીબી રોગ અંગે સંપૂર્ણ માહિતી પુરી પાડવામાં આવી હતી. જેમાં ટીબી રોગના લક્ષણો, નિદાન, સારવાર વગેરે અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. આજે "વિશ્વ એચઆઈવી-એઈડ્સ દિન' નિમિત્તે છાલા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને એચઆઈવી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં એચઆઈવી-એઈડ્સથી બચવા લેવાની તકેદારીઓ ઉપરાંત એચઆઈવી પોઝીટીવી દર્દીઓ સાથે સમાજમાં થતા ભેદભાવ નાથવા અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાયા હતા. આ સાથે "ટીબીમુક્ત ગુજરાત-મારૂ ગામ-ટીબી મુક્ત ગામ" અંતર્ગત છાલા ગામમાં એચઆઈવીની બિમારી સાથે જીવતા દર્દીઓ સાથે ભેદભાવ ન કરવા બાળકોને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૭૦૦થી વધુ બાળકોને માર્ગદર્શિત કરાયા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રના ડીપીપીએમસી કેયુર જયસ્વાલ, એસટીએલએસ પરાગ શાહ, એસટીએસ આનંદ પટેલ વગેરેએ ઉપસ્થિત રહી બાળકોને માહિતી આપી હતી. તમામ બાળકોને શુભેચ્છા ભેટ અર્પણ કરવામાં આવી હતી.



# ચંદ્રાલા પાસે અકસ્માત બાદ કાર સળગી ઊઠતાં ચાલક આગમાં ભડથું

## મોડી રાત્રે અકસ્માત સર્જાયો હતો : પોલીસે ગુનો નોંધી એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે

ગાંધીનગર, તા. ૧

ચિલોડા-હિંમતનગર હાઈવે પર સાદરા-ચંદ્રાલા એપ્રોચ માર્ગ પર મોડી રાત્રે સીડાન કારને ભયંકર અકસ્માત થયો હતો. અકસ્માત બાદ અચાનક જ કારમાં આગ ભભુકી ઉઠતા કાર ચાલક ભડથુ થઈ ગયો હતો. જ્યારે કાર આખી બળીને ખાખ થઈ હતી. એક્સીડન્ટ વીથ બર્નીંગ કારની ઘટનાને લઈ તુરંત રહિશો અને પોલીસ બનાવ સ્થળે દોડી આવી હતી. અને સમગ્ર મામલે ઉંડી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ પાનપુરના એકલવ્યનગરમાં રહેતા લેધરના વેપારી તુષાર ખેમચંદ ડાબલા (ઉં.વ.૩૬) અન્ય બે મિત્રો સાથે ગતરોજ અમદાવાદ કાર લેવા આવ્યા હતા. ત્રણેય મિત્રોએ ભેગા થઈ સેકન્ડહેન્ડ કાર લીધી હતી. તુષાર પાલનપુરથી લઈને આવેલુ મેથ્યુબીસી સીડાન (નં. જીજે-૧૮.એબી-૩૬૫૬) લઈ અમદાવાદમાં જ રોકાઈ ગયો હતો. જ્યારે અન્ય બે મિત્રો ખરીદેલી સેકન્ડ હેન્ડ કાર લઈ અંબાજી જવા આસરે રાત્રે ૯ વાગ્યાના સમયે રવાના થઈ ગયા હતા. તુષાર મોડી રાત્રે ૧૨ થી ૧ વાગ્યાના સમયે પોતાની કાર લઈ ચિલોડા-હિંમતનગર હાઈવે પર ચંદ્રાલા-સાદરા એપ્રોચ માર્ગ પાસે પસાર થઈ રહ્યો હતો ત્યારે ગરનાળાની દિવાલ સાથે ધડાકાભેર કાર અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માત બાદ કારમાં અચાનક જ ભયંકર આગ ભભુકી ઉઠતા કારના દરવાજા લોક થઈ ગયા હતા. ચાલક કારમાંથી બહાર નીકળી ન શકતા કારમાં જ બળીને ભડથુ થઈ ગયો હતો. આ મામલે આસપાસના રહિશોને જાણ થતા તુરંત દોડી આવ્યા હતા અને ચિલોડા પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે આવી તપાસ કરતા કારચાલક કારની ડ્રાઈવીંગ સીટની પાસેની સીટ પર મૃત હાલતમાં પડ્યો હતો. પોલીસે આ બનાવ અંગે ઘટનાસ્થળે આવી મૃતદેહ પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો અને શંકાસ્પદ જણાતા એક્સીડન્ટ વીથ બર્નીંગ કારની ઘટના અંગે એફએસએલની મદદથી તપાસ શરૂ કરી છે. જેની તપાસ ચિલોડા પોલીસ મથકના પીએસઆઈ રાજપુત ચલાવી રહ્યા છે.


## તવેરા કાર (ડિઝલ) વાહનની જાહેર હરાજી

રાજ્યપાલશ્રીના ગૃહનિયામકશ્રીની કચેરી હસ્તકની તવેરા કાર (ડિઝલ) વાહનની જાહેર હરાજી રાખવામાં આવેલ છે.

| અનુ નં. | વાહનનો પ્રકાર | મોડલ | ડીપોઝીટની રકમ | અપસેટ કિંમત |
|---|---|---|---|---|
| ૧ | તવેરા કાર (ડિઝલ) | ૨૦૦૯ | રૂ. ૫,૦૦૦/- | રૂ. ૩,૦૦,૦૦૦/- |

હરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ તા. ૧૯/૧૨/૨૦૧૬ સુધીમાં કચેરી સમય દરમિયાન હરાજીની શરતોની મંજુરી બાબતના બાંહેધરી પત્રક સાથે રાજ્યપાલશ્રીના ગૃહનિયામકશ્રીની કચેરી, રાજભવન, સેક્ટર-૨૦, ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. હરાજીની શરતો કચેરીના સમય દરમિયાન તા. ૧૯/૧૨/૨૦૧૬ સુધી મેળવી શકાશે. હરાજી તા. ૨૦/૧૨/૨૦૧૬ના રોજ ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે.

**સુચના :** સૌથી વધુ બોલી બોલનારે તુરત જ પોતે બોલેલ રકમના ઓછામાં ઓછા ૨૫ ટકા જેટલી રકમ કચેરીમાં જમા કરાવવાની રહેશે. તેમજ વાહનના હરાજીની મંજુર થયેલ કિંમત ઉપરાંત નિયમાનુસાર વેટની રકમ અલગથી ભરવાની રહેશે.

**બકુલ જાની**
**રાજ્યપાલશ્રીના ગૃહનિયામકશ્રી**
**રાજભવન,**
**સેક્ટર-૨૦, ગાંધીનગર**

**માહિતી/૨૧૫૧/૨૦૧૬૧-૭**